જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૧/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૭૦ લીટર, ૫૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૦૬ બીયરટીન ૦૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૦/૧૮

**માધવપુરા :** હિરલબેન W/o અંકિતભાઈ અતુલભાઈ શાહ (ઉ.વ.૩૦)(રહે,વ્રજભુમિ એપાર્ટમેંટ જોધપુર ગામ, સેટેલાઈટ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૧૮ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે દિલ્હી દરવાજા, જૈન ટ્રાવેલ્સની આગળ રોડ પર પોતાની અલ્ટો ગાડી પાર્ક કરી મુકીહતી. ગાડીની ડ્રાઈવર સાઈડના પાછળના દરવાજાનું લોક ખુલ્લુ રહી જતા, કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી (૧) એચ.પી.કંપની નું લેપટોપ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૨) સાહેદનો અસલ પાસપોર્ટ જુનો તથા નવો તથા અસલ આધારકાર્ડ, અસલ ચુટણીકાર્ડ, અસલ ડોક્યુમેન્ટસ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની બે પાસબુકો (૩) ૮ જીબી પેન ડ્રાઈવ તથા ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ આઈબોલ કંપનીનું ટેબલેટ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ રોકડા રૂપિયા ૫,૦૦૦/- તથા સન્ટ્રલ બેંક ઓફ ઈંડિયાનુ ડેબીટકાર્ડ તમામ મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.બારોટ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૯૧/૧૮**

**સોલા હાઇકોર્ટ :** અંબાલાલ કાળીદાસ ચૌધરી(રહે.આનંદવિહાર બંગલો, ત્રાગડ આઇ.ઓ.સી.રોડ ત્રાગડ) એ તા.૯/૧/૧૮ સાંજના ૭/૦૦ વાગે ગોતા બ્રીજ નીચે અંબીકા આઇસ ફેક્ટરી નજીક પોતાની બોલેરો લોડીંગ ગાડી નંબર જીજે.૦૧.બી.એક્સ.૫૨૫૨ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૧/૧૮ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અંબાલાલ ચૌધરી એ તા.૧૨/૧/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **ડી.એમ.દેસાઇ** ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૨/૧૮**

**વટવા :** સુહાના ડો/ઓ અબ્દુલરઝાક અબ્દુલકાદર શેખ (ઉ.વ.૧૭)(રહે,કુતુબ ફ્લેટ બીજો માળ કુતુબનગર, સિલિકોન સીટી સામે વટવા) એ માનસિક બિમારીના કારણે તા.૧૧/૧/૧૮ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.ગોહિલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.